**મે.અમદાવાદ ખાતેના મજુર અદાલતના ઓથોરીટી અન્ડર ધી પેમેન્ટ**
**ઓફ વેજીસ એકટ, શ્રી એ.એમ.શેખ સમક્ષ**
**પગારધારા અરજી નં. ૨૪૭/૨૦૧૧**

**આંક :૧૧**

**અરજદાર** : કનૈયાલાલ રેવાલાલ યોગી,
લીલી તલાવડી, કલોલ, જી.મહેસાણા.
૯/૦, સહકાર કામદાર યુનીયન,
અજીત મીલ ચાર રસ્તા, રખીયાલ, અમદાવાદ.

**વિરુઘ્ધ**

**સામાવાળા** : ધી રાયપુર મેન્યુ. કંપની લી.,
૯/૦, લીકવીડેટરશ્રી,
જીવાભાઈ ચેમ્બર, આશ્રમ રોડ, અમદાવાદ-૯.

**અરજદાર તરફે** : વિ.પ્રતિનિધિશ્રી એસ.કે.કાઝી.
**સામાવાળા તરફે** : કોઈ હાજર નથી.

**-: હુકમ :-**

આ કામના અરજદારે પગારધારાની કલમ ૧૫(૨) ની અરજીમાં જણાવેલ બાકીપગાર, ઓવરટાઈમના ડબલપગારની રકમ, બોનસ, રજાનો પગાર, નોટીસપગાર, બેકારીવળતરની કુલ લેણી રકમ રુ.૬૭,૧૫૦/- વ્યાજ સહીત ચુકવી આપે તેવો હુકમ કરી વસુલાત સર્ટીફીકેટ સામાવાળા પાસેથી અપાવવા દાદ માંગેલ છે. સદર કામ સામાવાળાનો જવાબનો હક બંધ થયા સદર કામ અરજદારના પુરાવા પર હોય અરજદારે આંક-૫ થી સોગંદનામુ રજુ કરેલ જે ઉલટતપાસ માટે રાખવામાં આવેલ પરંતુ સામાવાળા ઉલટતપાસ માટે હાજર થયેલ ન હોય ઉલટતપાસનો હક બંધ કરવામાં આવેલ ત્યારબાદ સામાવાળા હાજર થયેલ નથી કે પુરાવો રજુ કરેલ નથી. ત્યારબાદ અરજદારના પ્રતિનિધિશ્રી આંક-૧૦ થી ટેકનીકલ કારણોસર આ કામ આગળ ચલાવવા માગતા ન હોય અરજદારની લેણી રકમ તેમજ કેસને બાધ ન આવે તે રીતે આ કામ આગળ ચલાવવા માગતા ન હોવાની પુરસીશ રજુ કરી અરજી પાછી ખેંચતા હોવાનુ જણાવતા હોય સદર પુરસીશ નોંધવામાં આવેલ છે. આમ, અરજદારના પ્રતિનિધિની આંક-૧૦ ની વિડ્રો પુરસીશ મુજબ સદરહુ કેસ વિડ્રો કરતા હોય આજરોજ લોકઅદાલતમાં ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

તારીખ : ૧૩-૫-૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)
CODE GJ01031
ઓથોરીટી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
લેબર કોર્ટ, અમદાવાદ.